# મુમુક્ષુજીવના આદર્શ એવા ધન્યાવતાર પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ૧૦૯મા મંગલકારી જન્મોત્સવ પ્રસંગે અત્યંત વિનમ્રભાવે દાસત્વભાવે કોટિ કોટિ વંદન !



ગુરુદેવની પ્રવચન–સભામાં પૂજ્ય બહેનશ્રી બિરાજમાન હતા તો એ ભાવો, જે સૂક્ષ્મમાં સૂક્ષ્મ ન્યાયો નીકળ્યા છે, અધ્યાત્મના ઊંચા ભાવો નીકળ્યા છે, એ કોઈ નહોતા સમજતા એની સામે જોઈને નથી નીકળ્યા. જે સમજ્યા છે, જે ગ્રહણ કરી શકે છે, જે પકડી શકે છે એને કારણે નીકળે છે. તીર્થંકરની સભામાં ગણધરની હાજરીથી એ વાત નીકળે છે. એ પ્રકાર હતો તો એનો લાભ બીજાને મળે છે એ એમનો ઉપકાર ગણાય છે. ગણધરનો ઉપકાર ગણાય છે કે તમે હતા તો અમને લાભ મળ્યો, નહીંતર તો વાણી જ ન છૂટી હોત.

(પૂજ્ય ગુરુદેવશ્રીની) અત્યારે જે વાણી ઉપલબ્ધ છે એનું કારણ એ છે. એમનો ઉપકાર છે. (એ) ઝીલનાર હતા તો અંદરથી ભાવ નીકળતા હતા.

– પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૮ : અંક–૨૯૬, વર્ષ–૨૪, ઑગસ્ટ–૨૦૨૨

## અષાઢ વદ ૧૪, રવિવાર, તા.૧૭–૦૭–૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૯૧, પ્રવચન–૩૭

૯૨. **'આત્મામાં રમનાર કર્મોથી બંધાતો નથી.'** આ તો 'યોગસાર' છે ને. યોગસારનું જ સ્પષ્ટીકરણ ખૂબ કર્યું છે.


**जइ सलीणेण ण लिप्पियह, कमलणि-पत्त पयावि।**
**कब कम्मेहिं ण लिप्पियइ, जइ रइ अप्प-सहावि।।९२।।**

શરત આ. આત્મામાં જેને રતિ લાગી છે, લગન લાગી આત્માની. રતિ. છે ને? ભાઈ! 'નિર્જરા અધિકાર'માં ૨૦૬ ગાથામાં છે ને? એમાં પ્રીતિ કર, એમાં રતિ કર, એમાં સંતોષ કર, એમાં ઠર. 'પાલીતાણા'માં એ ગાથા ચાલી હતી. 'અમદાવાદ'માં પણ એ ચાલી હતી. એ ભડકે.. ભડકે.. ભડકે.. આ તો આત્મા આત્મા કરે છે. પણ સાંભળ, ભગવાન! તારે આત્મા સિવાય શું કરવું છે? હેં? આ ક્રિયા કરો, ભગવાનની જાત્રા, પૂજા, સિદ્ધગિરી, સિદ્ધગિરીના દર્શન (કરો). હવે એ તો શુભભાવ છે, બાપુ! તું લાખ સિદ્ધગિરી ઉપર જાને! આ સિદ્ધગિરી આખી અંદર પડી છે. અનંતા સિદ્ધોની પર્યાય જે એક સમયે સિદ્ધને પ્રગટે, એવી અનંતી પર્યાય રાખીને ભગવાન અંદર પડ્યો છે. એ સિદ્ધગિરી ઉપર ચડ.. 'વલ્લભદાસભાઈ'! તો તારી જાત્રા સફળ થાય. 'શત્રુંજય' ઈ છે, શત્રુનો જય કરનારો ભગવાનઆત્મા એ શત્રુંજય છે. એ ભક્તિનો ભાવ અશુભથી બચવા હોય છે એમ વ્યવહારથી કહેવાય, બાકી એ કાળે આવવાનો ભાવ હોય છે એટલે શુભભાવ આવે. હો, પણ તું એને એમ માની લે કે આનાથી હળવે હળવે કલ્યાણ થઈ જશે (તો એમ નથી). સ્વદ્રવ્યના આશ્રય વિના કલ્યાણનો અંશ કોઈ દિ' જાગે નહિ.

જુઓ! દાખલો આપ્યો છે, હોં! **'જેમ કમલિનીનું પાંદડું કદી પણ પાણીથી લેપાતું નથી...'** એ આપણે આવી ગયું છે, ('સમયસાર') ચૌદમી ગાથા. **'તેમ જો જીવ પોતાના સ્વભાવમાં રત હોય... '** જુઓ! એમ ભગવાનઆત્મા જ્ઞાનનો સૂર્ય, જ્ઞાનનો સૂર્ય, એમાં રત થાય એ એનો સ્વભાવ કહેવાય છે. જ્ઞાનસ્વરૂપી ભગવાનમાં લીન થાય તો જીવ **'કર્મોથી લેપાતો નથી.'** લિપ્ત ક્યાંથી થાય? અંદર વસ્તુમાં જ્યાં લીન થયો તો કર્મથી બંધ ક્યાંથી થાય? સમજાણું કાંઈ? નિર્જરા થાય છે.

**'આત્મામાં લીન ભવ્ય જીવ મોક્ષમાર્ગી છે. તે રત્નત્રયની એકતા ધરાવે છે.'** પોતાનો આત્મા, તેની રુચિ, તેનું સ્વસંવેદનજ્ઞાન અને તેનું સ્વરૂપાચરણ. એમ ત્રણેની એકતા રાખે છે. વીતરાગ સમભાવથી લીન થાય છે. વીતરાગભાવમાં અથવા સમભાવમાં લીન થાય છે. રાગ-દ્વેષ વિહીન હોય છે તેથી કર્મોથી બંધાતો નથી. બંધનાશક વીતરાગભાવ છે. બંધનો નાશ કરનાર તો આત્મા વીતરાગસ્વરૂપ અને એમાંથી ઉત્પન્ન થયેલો વીતરાગભાવ

(છે). સમ્યગ્દર્શન એ પણ વીતરાગભાવ છે, ભાઈ! ઓલા કહે, સરાગ સમકિત છે. સરાગ સમકિત તો એને રાગથી કહ્યું છે. સમકિત સરાગ-ફરાગ છે જ નહિ. વીતરાગ સમ્યગ્દર્શન. ત્યારે ઓલા કહે, વીતરાગ સમ્યગ્દર્શન આઠમે હોય. ચોથે સરાગ સમ્યગ્દર્શન હોય.



મુમુક્ષુ : અમુક એમ કહે છે, છઠ્ઠે હોય.

ઉત્તર : પણ એ તો છઠ્ઠે કહે છે. સાતમે વીતરાગ છે, ગૌણપણે ચોથાનું લીધું છે. ત્યાં ટીકામાં લીધું છે.

કહે છે, બંધનાશક વીતરાગભાવ, બંધકારક રાગ-દ્વેષ, મોહ. બેય બંધ આવે છે ને? મોહ મિથ્યાત્વભાવને કહે છે. એ તો ઠીક. ૪૧ પ્રકૃતિનો બંધ નથી કરતો, લ્યો! સમ્યગ્દષ્ટિ પોતાના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિમાં અંશે સ્થિર થયો તેને ૪૧ પ્રકૃતિનો બંધ તો સહજ નથી. લડાઈમાં ઊભો હોય તોપણ ૪૧ પ્રકૃતિનો બંધ નથી. આહાહા..! સમજાણું કાંઈ? અને અજ્ઞાની આમ દયા પાળવાની કુંજલી લઈને, મોરપીંછી લઈને (ચાલતો હોય), દૃષ્ટિ કર્તાબુદ્ધિની છે, એ ક્રિયા હું કરું છું, રાગ આવ્યો તે મારો ધર્મ છે, એવી મિથ્યાબુદ્ધિમાં મિથ્યાત્વનો ચીકણો અનંત સંસાર પડે છે. સમજાણું કાંઈ? પછી ઘણી વાત કરી છે.

છેલ્લો શ્લોક 'સમયસાર કળશ'નો (લીધો છે). **'જ્ઞાનીને રાગ દ્વેષ મોહ હોતા નથી... '** એ ધર્મીને રાગ-દ્વેષ હોતા જ નથી. હોતા જ નથી. ધર્મની દૃષ્ટિમાં નથી, દૃષ્ટિનો વિષય (એવા) આત્મામાં નથી તો ધર્મીને રાગ-દ્વેષ, મોહ હોતા જ નથી. **'તેથી જ્ઞાનીને બંધ થતો નથી.'** આ 'આસ્રવ અધિકાર'નો (શ્લોક) છે. **'रागो दोसो मोहो य आसवा णत्थि सम्मदिट्ठिस'** (ગાથા-૧૭૭). એ આસ્રવની ગાથા છે ને? એની પહેલાનો ઉપોદ્‌ઘાતનો કળશ છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્માનું જ્ઞાન થયું કે, શુદ્ધ આત્મા છે, બંધરહિત સ્વરૂપ છે, અબંધ સ્વરૂપી ભગવાન (છે). દૃષ્ટિ અબંધ સ્વરૂપની થઈ (તો તેના) દૃષ્ટિવંતને રાગ-દ્વેષ, મોહ હોતાં નથી. તેને બંધ નથી.

**'આત્મરમણતાથી વીતરાગભાવ વધે છે,.. '** અને સ્વભાવમાં રમણતાને કારણે વીતરાગભાવ વધી જાય છે, થોડો રાગ બાકી છે એ પણ ઘટી જાય છે. કહો, સમજાણું કાંઈ? **'બંધ રોકાય છે. '** ભગવાનઆત્મા સ્વરૂપની દૃષ્ટિ (થઈ). અબંધ સ્વરૂપી આત્મા, અબંધ સ્વભાવ. અબંધ સ્વભાવ કહો કે મુક્ત કહો, એવી દૃષ્ટિ થઈ તો અબંધ પરિણામ થયા, અબંધ પરિણામમાં બંધ થતો નથી. બંધનો નાશ થાય છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## શ્રાવણ સુદ ૧, મંગળવાર, તા.૧૯-૦૭-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૯૩, પ્રવચન-૩૮

આ 'યોગસાર' નામનું શાસ્ત્ર છે, એની આ ૯૩ મી ગાથા છે, ૯૩. **'સમતારૂપી સુખના ભોક્તા નિર્વાણના પાત્ર છે.'** નિર્વાણનો પાત્ર કોણ છે? (તે કહે છે).

**जो समसुक्ख णिलीणु बुहु, पुण पुण अप्पु मुणेइ। कम्मक्खउ करि सो वि फुडु, लहु णिव्वाणु लहेई।।९३।।**

મૂળ ગાથા છે એનો અર્થ જરી ઝીણો છે. શું કહે છે? જે કોઈ '**बुहु**', '**बुहु**' એટલે જ્ઞાની. જ્ઞાનીધર્મી એને કહે છે કે, આ આત્મા આનંદસ્વરૂપ છે, જ્ઞાનાનંદ ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ છે, એનું જેને શરીર, કર્મરહિત અને પુણ્ય-પાપના ભાવ, વિકારથી રહિત પોતાના આત્માનું શુદ્ધ સ્વરૂપનું ભાન અને અનુભવ થાય તેને ધર્મી અને જ્ઞાની કહે છે. સમજાય છે કાંઈ? ધર્મની શરૂઆત કરનાર એને કહે છે.

પહેલો શબ્દ '**बुहु**' વાપર્યો છે. બુધ. આ આત્મા આ દેહ, વાણી, મન તો માટી જડ છે, આ ધૂળ છે, એ આત્મા નહિ. અંદર આઠ કર્મના રજકણ ઝીણી ધૂળ છે એ પણ આત્મા નહિ. એ માટી છે. આત્મામાં હિંસા, જૂઠું, ચોરી, રળવા આદિના ભાવ (થાય તે) પાપ છે અને દયા, દાન, ભક્તિ, વ્રત આદિ પરિણામ થાય તે પુણ્ય છે. એ પુણ્ય અને પાપના ભાવ રહિત પોતાનું સ્વરૂપ શુદ્ધ જ્ઞાનાનંદ અતીન્દ્રિય આનંદનો એ કંદ આત્મા છે. એની અંતરમાં રાગરહિત રુચિ કરીને સ્વભાવની અંતર દૃષ્ટિ થવી અને આત્મા જ્ઞાનાનંદ છે એવો અનુભવ થવો તેને ધર્મી અને તેને જ્ઞાની કહે છે. ઝીણી વાત છે. કેટલાકે તો કોઈ દિ' સાંભળી પણ નહિ હોય. આ ભગવાનઆત્મા આવો કહે છે, કેવો? હેં? આ આત્મા આવો છે. આ બધા આવ્યા છે ને? સાંભળે શી રીતે? સમજે ત્યારે ને માંડ માંડ?

'**समसुक्ख**' એમ શબ્દ પડ્યો છે. ધર્મી '**સમસુખમાં લીન થઈને...**' ભગવાનઆત્મા અંતર અતીન્દ્રિય જેવો સિદ્ધનો આનંદ છે, જેવો સિદ્ધમાં પરમાત્મામાં આનંદ છે એવો આ આત્મામાં અંતર સ્વરૂપમાં આનંદ છે. આ પુણ્ય-પાપના રાગ-દ્વેષના ભાવ એ આકુળતા અને દુઃખ છે, એનાથી રહિત આત્મામાં આનંદ થવો એને સુખ કહે છે. સમજાય છે કાંઈ? કહો, 'રતિભાઈ'! આ પૈસામાં સુખ છે, શરીરમાં સુખ છે, રળવામાં સુખ છે એવી જે કલ્પના-માન્યતા તે મિથ્યાત્વ છે અને એમાં સુખ છે તે માન્યતા વિપરીત સહિતનો રાગ-દ્વેષ ભાવ છે, એ દુઃખ છે.

મુમુક્ષુ : ..

ઉત્તર : ધૂળમાંય નથી. કોણ સુખી છે? બધા સમજવા જેવા છે, બધા દુઃખી છે.

ભગવાનઆત્મામાં... સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની (એમ કહે છે કે), ભાઈ! તારો આત્મા અનાદિથી આત્માના આનંદસ્વરૂપની દૃષ્ટિ વિના એકલા શુભ અને અશુભના વિકારના ભાવને કરીને મને સુખ છે, તેમ મૂઢ મિથ્યાદૃષ્ટિ અનાદિથી માને છે. એને જો ધર્મ કરવો હોય તો ધર્મ એને કહીએ કે, એ શરીર, વાણી, મન તો જડ છે, એ તો મારામાં નથી પણ શુભ ને અશુભ, પુણ્ય ને પાપ એ વિકાર, કૃત્રિમ ઉપાધિ મેલ એ મારી ચીજમાં નથી. મારી ચીજમાં તો અતીન્દ્રિય આનંદ (ભર્યો છે). અતીન્દ્રિય અમૃત સ્વરૂપ, સુખસ્વરૂપ.. આત્મા અતીન્દ્રિય સુખનો સાગર છે. આહાહા..!

મુમુક્ષુ : કેવડો સાગર છે?

ઉત્તર : આ સાગર તો સાધારણ (છે), આ તો અનંત સાગર છે. એમાં અનંત અનંત શાંતિ પડી છે. જે સિદ્ધ ભગવાનને અનંત આનંદ પ્રગટે તે ક્યાંથી આવે છે? બહારથી આવે છે? અંતરમાં એને ખબર નથી કે આત્મા શું ચીજ છે? અને આત્મામાં શું છે અને આત્મા શું ચીજ અને એમાં શું છે? ખબર નથી. મૂઢ અનંતકાળમાં ત્યાગી થયો, ભોગી થયો, રોગી થયો, નિરોગી થયો, રાજા થયો અને રંક થયો. અનંત અનંત વાર! પણ એ આત્મા શું છે અને એમાં શું છે? આત્મા શું છે અને એમાં શું છે? આત્મા ચૈતન્ય સ્વરૂપ છે અને એમાં અતીન્દ્રિય શાંતિ અને આનંદ છે. એવી અંતરમાં સમ્યક્ દૃષ્ટિ થવી, અનંતકાળથી એ ભાવ એણે પ્રગટ કર્યો નથી. એ અંતરમાં અતીન્દ્રિય શાંત વસ્તુ છું.

અતીન્દ્રિય આનંદની મૂર્તિ મારું સ્વરૂપ (છે), ત્રિકાળ પરમેશ્વરે એમ કહ્યું છે. પરમેશ્વરે એમ જોયું છે, પરમેશ્વર વીતરાગદેવે એમ ફરમાન કર્યું છે કે, ભાઈ! અમને જે સમસુખ, વીતરાગી અનંત આનંદ જે અમને પ્રગટ્યો છે એ અતીન્દ્રિય સમ વીતરાગી આનંદ તારી વસ્તુમાં પડ્યો

છે. 'પાટણી'! આ પણ ક્યાં ગોતવું? અહીં તો ચારે કોર ધૂળમાં ને પૈસામાં ને શરીરમાં અને કાં તો અંદરના પાપભાવ હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસનામાં સુખ છે, મૂઢને એવી માન્યતા અનાદિની ભ્રમણા છે. એમ કરતાં આગળ ચાલે તો બહુ તો રાગની મંદતા-દયા, દાન, ભક્તિ, વ્રત, તપના શુભભાવ(માં આવે), એ પણ રાગની મંદતાનો શુભભાવમાં અનાદિથી મૂઢ સુખ છે એમ માની રહ્યો છે. સમજાણું કાંઈ? 'રતિભાઈ'! શું હશે? હેં?

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં. એ કેવળી પરમાત્માએ આત્મામાં અતીન્દ્રિય.. આત્મા ધર્મી અને એમાં અતીન્દ્રિય આનંદ એનો ધર્મ નામ સ્વભાવ છે. એની એણે અનંતકાળમાં પુણ્ય-પાપની રુચિ છોડી અને આત્મા આનંદ અતીન્દ્રિય છે એમ એણે દૃષ્ટિ અને રુચિ એક સેકંડ અનંતકાળમાં કરી નથી. સમજાણું કાંઈ?

એથી કહે છે, જે જ્ઞાની... પહેલો શબ્દ એ લીધો. '**बुहु**' શબ્દ પડ્યો છે ને? '**बुहु**'. '**बुहु**' નામ જ્ઞાની. જેણે ભગવાનઆત્મામાં ગૃહસ્થાશ્રમમાં હો, છ ખંડના રાજમાં પડ્યો દેખાય, 'ભરત' ચક્રવર્તી આદિ, પણ એ અંતરમાં મારા સ્વરૂપમાં અતીન્દ્રિય આનંદ છે એવો સમ્યગ્દૃષ્ટિને અંતર સ્વાદ આવી જાય છે. સમજાય છે કાંઈ? એ અતીન્દ્રિય આનંદ મારામાં છે એવું અંતર સમ્યગ્દર્શન થતાં, સમકિત થતાં, ધર્મની પહેલી દશા થતાં, આત્મા અતીન્દ્રિય સાગર છે, અતીન્દ્રિય આનંદનું મૂળ સ્વરૂપ છે એવો એને સ્વાદ સમ્યગ્દર્શનમાં, ધર્મની દૃષ્ટિમાં, પ્રથમ દરજ્જામાં આનંદ છે એવું વેદન અને અનુભવ થઈ જાય છે. એને જ્ઞાની અને ધર્મી કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

આમાં પાઠ શું છે? જુઓ! '**सुक्ख णिलीणु**' શબ્દ શું છે? ' **बुहु सम सुक्ख णिलीणु**' પહેલો શબ્દ છે. કહો, 'મનસુખભાઈ'! એનું નામ પણ 'મનસુખ' છે. છે એમાં—૯૩માં શબ્દ? શબ્દ છે એમ કહું છું, મેં 'મનસુખ'નું ક્યાં કહ્યું? કહો, સમજાણું આમાં? મનમાં સુખ છે એ માન્યતા પણ મિથ્યાદૃષ્ટિ મૂઢની છે, એમ કહે છે.

મુમુક્ષુ : મન એટલે જ્ઞાન એવો અર્થ થાય છે.

ઉત્તર : અહીંયાં ઈ નથી લેવું. મન એટલે વિકલ્પ જે શુભ-અશુભ પરિણામમાં સુખ છે એ મિથ્યાદૃષ્ટિ એને માને છે. જૈન સર્વજ્ઞની પરમાત્માની દૃષ્ટિથી વિરુદ્ધ માન્યતાવાળો એ માને છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ... મોડું કેમ થયું? 'કલ્યાણજીભાઈ'! આમ આવો ઓરા. હમણાં હિન્દી ચાલે છે, પણ અમારા 'જગજીવનભાઈ' કહે, આજે ગુજરાતી કરજો, અમારે મહેમાન આવ્યા છે. શું કહ્યું?

કે જે કોઈ જ્ઞાની, એમ શબ્દ પડ્યો છે. સમ, સમ શબ્દમાં 'શમ' જોઈએ. એ અર્થમાં ભૂલ છે. '**જ્ઞાની સમસુખમાં લીન થઈને વારંવાર આત્માનો અનુભવ કરે છે.**' આટલા શબ્દોનો અર્થ ચાલે છે. સમસુખભગવાન પરમેશ્વરે સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકરદેવે કેવળજ્ઞાનમાં આ આત્મામાં અતીન્દ્રિય આનંદ ભગવાને જોયો છે. એ અતીન્દ્રિય આનંદનું ઊલટું રૂપ અનાદિકાળથી શુભ ને અશુભ વિકાર કરીને, પુણ્ય ને પાપના ભાવ કરીને તે દુઃખને વેદે અને અનુભવે છે. એ દુઃખનું વેદન એનું નામ મિથ્યાદૃષ્ટિપણું અને અજ્ઞાનપણું છે.

મુમુક્ષુ : પુણ્યનું ફળ દુઃખ?

ઉત્તર : એ પુણ્યફળ નહિ, પુણ્ય પોતે દુઃખ છે. ૯૩ ગાથા છે.

'**जो सम सुक्ख णिलीणु**' શબ્દ છે. '**सम सुक्ख णिलीणु**' એટલે જે સમસુખમાં લીન.. લીન છે. ધર્મી એને કહીએ, ગૃહસ્થાશ્રમમાં રહ્યો છતાં પણ સમ્યગ્દૃષ્ટિ એને કહીએ કે આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે, એને પુણ્ય ને પાપના શુભ-અશુભભાવની રુચિ છોડી અતીન્દ્રિય આનંદનો સ્વાદ અંતરમાં દૃષ્ટિમાં-શ્રદ્ધામાં, જ્ઞાનમાં લે છે એને ધર્મી અને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. 'કલ્યાણજીભાઈ'! આ ઝીણું છે, ઝીણી વાત (છે), હોં! કલ્યાણનો માર્ગ બહુ ઝીણો છે. આહાહા..! કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં, ગડિયો તો સાંજ-સવાર બોલે છે.

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે તીર્થંકરદેવ ત્રિલોકનાથે સો ઈન્દ્રની ઉપસ્થિતિમાં હાજરીમાં સમવસરણની સભામાં

મહાવિદેહક્ષેત્રમાં બિરાજમાન તીર્થંકર 'સીમંધરપ્રભુ' આદિ વર્તમાન છે અને એવા અનંત તીર્થંકરોમાં આ ભરતક્ષેત્રમાં પૂર્વે થઈ ગયા. એ અત્યારે અહીં નથી, એ સિદ્ધપદમાં છે. જે 'મહાવીર' ભગવાન આદિ થયા, અહીંયાં હતા ત્યાં સુધી અરિહંતપદે હતા, પછી અત્યારે તો હવે સિદ્ધપદ-શરીરરહિત થઈ ગયા. મહાવિદેહ ક્ષેત્રમાં ભગવાન બિરાજે છે એ હજી અત્યારે અરિહંતપદમાં છે. શરીર છે, વાણી છે, ઉપદેશ છે. મહાવિદેહ ક્ષેત્રમાં 'સીમંધર' પરમાત્મા તીર્થંકરદેવ મોજૂદ મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. એ બધા તીર્થંકરોએ કેવળજ્ઞાનમાં એમ જાણીને કહ્યું કે, ભાઈ! તેં અનંતકાળ પરિભ્રમણમાં ગાળ્યો એનું કારણ કે ભગવાનઆત્માના અતીન્દ્રિય આનંદ જેવો સિદ્ધ ભગવાનને આનંદઅતીન્દ્રિય આનંદ છે, ઇન્દ્રિય વિનાનો, રાગ વિનાનો એવો આનંદ તારામાં છે પણ એ આનંદની તને રુચિ થઈ નથી. તારી રુચિ પુણ્ય અને પાપના ભાવ, શુભ ને અશુભ, એમાં તને રુચિ પડી છે તે દુઃખની રુચિ છે. નિર્ધનતા એ દુઃખ નથી. સધનતા એ સુખ નથી. એ તો ધૂળ બહારની ચીજ છે. એ મૂઢ એમાં કલ્પે છે કે, હું નિર્ધન! એવી દીનતાની કલ્પના તેને દુઃખરૂપ છે. સધનતા સુખ નથી, તેમ દુઃખ નથી. પણ હું સધન છું, એવી મમતાનો ભાવ તે દુઃખરૂપ છે. સમજાણું કાંઈ?

આત્મા ભગવાન સચ્ચિદાનંદ સિદ્ધ સ્વરૂપ છે એ તો. જે સિદ્ધ ભગવાન થયા એ ક્યાંથી થયા? એ નિર્દોષ દશા લાવ્યા કયાંથી? બહારથી આવે છે? 'કલ્યાણજીભાઈ'! પીપરનો દાખલો આપ્યો હતો. તે દિ' એક ફેરી આપ્યો હતો. 'મુંબઈ', એને યાદ છે. તે દિ' બોલ્યા હતા. લીંડીપીપરનો (દાખલો આપ્યો હતો). ઓલી આવડી લીંડીપીપર થાય છે ને? એમાં ચોસઠ પહોરી તીખાશ ભરેલી છે અંદર અને અંદર લીલો રંગ પડેલો છે. એ ઘૂંટવાથી થાય એ કાંઈ પથરાથી નથી થતું. પથરાથી થાય તો કોલસા અને કાંકરા ઘસવા જોઈએ. 'રસિકભાઈ'! આ લોજીકથી વાત છે કે નહિ? એ વકીલ છે કે નહિ થોડા? આ તો લૌકિકના વકીલ છે, આ તો ભગવાનનો લોકોત્તર વકીલ છે.

કહે છે કે, ભાઈ! એ પીપરનો દાણો આવડો, કાળો, અંદર લીલો, તીખો જરી દેખાય, અંદર ચોસઠ પહોરો (છે). ચોસઠ એટલે રૂપિયે રૂપિયો તીખો પડ્યો છે. એ ઘૂંટતા ઘૂંટતા અંદરમાંથી આવે છે, પ્રાપ્તની પ્રાપ્તિ છે, હોય એમાંથી આવે, કૂવામાંથી અવેડામાં આવે. એમ એ પીપરમાં ચોસઠ પહોરી એટલે રૂપિયે રૂપિયો તીખાશ (ભરી છે). આ હિન્દીમાં તમારે ચરપરાઈ કહે છે, અમારે અહીં કાઠિયાવાડમાં એને તીખાશ કહે છે. એ તીખાશ ચોસઠ પહોરી પડી છે. લીલો રંગ પડ્યો છે. તો પડ્યો છે તે પ્રાપ્ત થાય છે. એમ આત્માના દાણામાં અંતરમાં અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય સર્વજ્ઞપદ પડ્યું છે. એ કોણ જાણે ક્યાં હશે? ઓલા પીપરની વાત બેસે કે, વાત સાચી છે.

અહીં ભગવાન કહે છે, આત્મામાં અંતર વસ્તુમાં વર્તમાનમાં પુણ્ય-પાપના વિકલ્પો જે રાગ ઊઠે છે એ તો દુઃખ છે, આકુળતા છે, બંધનું કારણ છે, એ આકુળતા જન્મ-મરણના પરિભ્રમણનું કારણ છે. એ પુણ્ય-પાપના ભાવ, વિકલ્પ રહિત અતીન્દ્રિય ભગવાનઆત્મા છે એનો અંતરમાં જ્ઞાનીને અનુભવ થતાં આ આત્મા આખો અતીન્દ્રિય પૂર્ણ સ્વરૂપથી ભરેલો છે, પીપર ચોસઠ પહોરી તીખાશથી ભરી છે, એમ આત્મા અતીન્દ્રિય આનંદનો ભરેલો (છે), એમ સમ્યગ્દર્શન થતાં જ્ઞાનીને આત્માના આનંદનો, આત્મામાં આનંદ છે એમ ભરોસો આવે છે. એ આનંદ નથી પુણ્ય-પાપમાં માનતો, નથી સ્ત્રી-કુટુંબમાં માનતો, નથી રાજપાટમાં માનતો. સમ્યગ્દૃષ્ટિ જીવ ક્યાંય સુખને માનતો નથી. સમજાણું કાંઈ? સમજાય છે આમાં? 'કામદાર'! શું છે કોણ જાણે આ કઈ જાતની વાત હશે આ? આહાહા..!

**(પ્રવચનનો શેષ અંશ આવતા અંકમાં..)**



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ–૨૬૯ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૯–૬–૧૯૮૩, પ્રવચન નં. ૧૨૫ (વિષય : માર્ગદર્શન)**

**હું અભેદ છું 'નિર્વિકલ્પ અહમ્' એમ પાઠ છે. વિકલ્પ–ભેદ નથી એ તો નાસ્તિથી વાત છે તેથી તે ન લીધી પણ હું નિર્વિકલ્પ છું એમ કહ્યું. હું ઉદાસીન છું. આહાહા ! આવી ચીજ સમજવા બધા આગ્રહ છોડવા જોઈએ. અમે જાણીએ છીએ એવા અભિમાન છોડવા જોઈએ. હું ઉદાસીન છું, મારી બેઠક ધ્રુવમાં છે. મારું આસન ધ્રુવ છે. પરથી તો હું ઉદાસ છું પણ પર્યાયથી પણ ઉદાસ છું. ૨૬૯.**

'પરમાગમસાર' ૨૬૯ બોલ. પાનું–૭૨. '**હું અભેદ છું 'નિર્વિકલ્પ અહમ્' એમ પાઠ છે. વિકલ્પ-ભેદ નથી એ તો નાસ્તિથી વાત છે તેથી તે ન લીધી પણ હું નિર્વિકલ્પ છું એમ કહ્યું. હું ઉદાસીન છું.**' આત્માનું મૂળ સ્વરૂપ ભેદથી ... જેમાં ગુણભેદ, પર્યાયભેદ જેનો અનુભવ કરતા દેખાતા નથી, અનુભવાતા નથી અથવા મર્યાદિતપણે રહેલા ભેદો અભેદની મુખ્યતામાં એટલા ગૌણ થાય છે કે તેનું જ્ઞાન રહેતું હોવા છતાં અનુભવમાં તે આવતા નથી. એનું જ્ઞાન નાશ પામે છે એમ નથી. એટલે ભેદ સંબંધીનું જ્ઞાન નાશ પામી જાય છે અને ભેદ નથી. અથવા તો ગુણભેદને નહિ માનનારાઓ જેવી સ્થિતિ છે એમ નથી.

ગુણભેદ યથાસ્થાનમાં જાણવા ઉપરાંત અનુભવમાં અવલંબનમાં તેનો તે આધાર લેવાની જરૂર નથી, આવશ્યકતા નથી. માત્ર વસ્તુના સ્વરૂપની બંધારણની વ્યવસ્થાનો એ વિષય છે સ્વરૂપનું બંધારણ કેવું છે? તત્ત્વનું-પદાર્થનું બંધારણ કેવું છે? એટલું એ સમજવાનો જ માત્ર વિષય છે. અનુભવ કરવા માટે એનું કામ નથી, અનુભવ કરવા માટે એ કામમાં આવતા નથી. એવી જે ચીજ છે એ તો અભેદ નિર્વિકલ્પ વસ્તુ છે પોતે.

એટલે એમ લીધું કે '**હું અભેદ છું.**' અભેદ છું એટલે 'નિર્વિકલ્પ અહમ્' એવો પાઠ છે એમ કહે છે. શાસ્ત્રોમાં સ્વરૂપ સંબંધીનો પાઠ એવો છે. વિકલ્પ વિનાની ચીજ છે. જેમાં વિકલ્પનો અભાવ છે એવા વિકલ્પના અભાવસ્વભાવે રહેલું તત્ત્વ છે. એવું જે અભેદ તત્ત્વ છે એમાં વિકલ્પ નથી, ભેદ નથી. એમ નથી એમ નાસ્તિથી કથન ન કર્યું અહીંયાં, છું એમ કથન કર્યું. 'નિર્વિકલ્પ અહમ્' અથવા અભેદ છું, નિર્વિકલ્પ છું એમ છું એમ અસ્તિથી કથન કર્યું. વિકલ્પવાળો નથી એમ નાસ્તિથી કથન નથી કર્યું એમ કહે છે.

મુમુક્ષુ :- આમ તો સરખું થાય છે...

પૂજ્ય ભાઈશ્રી :- સરખું હોવા છતાં એમાં

ફેર છે. કથન-કથન કરવામાં જે ધ્વનિ અને ભાવ ઉપસે છે એમાં અર્થઘટન ભલે તેનું તે છે, અર્થઘટન સાથે કોઈ તકરાર નથી કે આમાં અર્થઘટન ફરે છે. છતાં જેનાથી ભાવનો આવિર્ભાવ થાય એ હેતુ છે આમાં. કાંઈક હેતુ તો છેને?

વસ્તુ જેવી છે એવી છે. આત્મપદાર્થ જેવો છે એવો છે છતાં એની કથનની શૈલીમાં અનેકવિધ પ્રકાર છે. એને કહેનાર જે શબ્દો છે એમાં અનેક શૈલી છે. એ શૈલી જે વિધવિધ છે એનો હેતુ શું છે? કે એનો હેતુ એ છે કે વધુમાં વધુ એ ભાવને કેમ વ્યક્ત કરી શકાય, પ્રદર્શિત કરી શકાય કે જેથી એની પ્રત્યક્ષતા થવાનો અવસર થાય અને તેથી તે ભાવનો આવિર્ભાવ થાય, સ્વભાવભાવનો આવિર્ભાવ થાય એવો મૂળ હેતુ રહેલો છે.

'**હું અભેદ છું નિર્વિકલ્પ અહમ્ એમ પાઠ છે. વિકલ્પ-ભેદ નથી એ તો નાસ્તિથી વાત છે તેથી તે ન લીધી...**' તે પ્રકાર ન લીધો એમ કહે છે. '**પણ હું નિર્વિકલ્પ છું એમ કહ્યું. હું ઉદાસીન છું.**' એમ કહ્યું. એમ તત્ત્વને અસ્તિથી સ્થાપ્યું એમ કહેવું છે. નિર્વિકલ્પ છું, ઉદાસીન છું. અથવા જ્ઞાયક છું, ચૈતન્ય સ્વભાવી છું એમ એના હોવાપણાને—અસ્તિપણાને સ્થાપે છે. જ્યારે પોતાના ભાવનો આવિર્ભાવ કરવો છે, અનુભવ અર્થે એમાં મગ્નતા કરવી છે, લીનતા કરવી છે ત્યારે એના અસ્તિના પડખાને મુખ્ય કરીને એનો વિચાર શરૂ થાય છે. આમાં છેને? રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં કે સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થવાનું વર્ણન. ત્યાં પણ એવી વાત લીધી છે. હું આવો છું... હું આવો છું... હું આવો છું... એમ છું... છું... છું... છું... એવો પ્રકાર લીધો છે. 'મોક્ષમાર્ગપ્રકાશક' છેને? એમ અહંબુદ્ધિ ધારે છે એમ લીધું છે ત્યાં. એ રીતે સ્વરૂપમાં અહંબુદ્ધિ ધારે છે.

'**સમ્યગ્દૃષ્ટિ પણ કદાચિત્ સ્વરૂપધ્યાન કરવાનો ઉદ્યમી થાય છે.**' એને એ વિચાર, વિકલ્પ આવે છે કે મારે મારા સ્વરૂપનું ધ્યાન કરવું છે. એવી ઇચ્છા, એવો વિકલ્પ થાય છે. ત્યાં એવી ચેષ્ટા અને પ્રયત્ન કરે છે '**ત્યાં પ્રથમ સ્વપરનું ભેદવિજ્ઞાન કરે;...**' વિચારે, શરૂ કરે એમાં સ્વપરના ભેદવિજ્ઞાનના વિકલ્પો ચાલે. '**નોકર્મ, ભાવકર્મરહિત કેવલ ચૈતન્ય ચમત્કારમાત્ર પોતાનું સ્વરૂપ જાણે,...**' જાણે એટલે અવલોકે અહીંયાં. એ સવિકલ્પદશામાં છે. '**પછી પરનો વિચાર પણ છૂટી જાય.**' સ્વપરનું ભેદવિજ્ઞાન (કરે) એમાં પરનો વિચાર પણ છૂટી જાય. કારણ કે પરની નાસ્તિ છે. રાગ, વિકલ્પ અને પરની નાસ્તિ છે એટલે એનો પણ ઉપયોગ છે તે, સ્વરૂપમાં શુદ્ધોપયોગ ઉત્પન્ન થાય એના અર્થે ઉપયોગનો વિષય જે પર છે, નાસ્તિરૂપ છે એ પણ બંધ થાય છે. એ છૂટી જાય એમ લીધું હોં! પરનો વિચાર પણ છૂટી જાય.

'**કેવળ સ્વઆત્મ વિચાર જ રહે છે;...**' પોતાના આત્માનો વિચાર રહે. હજી વિકલ્પ રહે એની વાત છે. '**ત્યાં નિજસ્વરૂપમાં અનેક પ્રકારની અહંબુદ્ધિ ધારે છે,...**' આ મુદ્દાનો વિષય છે. જ્યારે પ્રયોગ ચાલે છે, ધ્યાનનો પ્રયોગ છે આ, સમ્યગ્દૃષ્ટિની વાત લેવી છે ને? એટલે સ્વરૂપ કેવું છે એ જાણવાનું બાકી નથી, અજાણ્યો નથી, એની જિજ્ઞાસાનું એ સ્ટેજ નથી રહ્યું, એ પ્રશ્ન ચિહ્ન ખલાસ થઈ ગયું ત્યાં, અનુભવ થયો છે, અનુભૂતિની જ્ઞાતાધારા વર્તે છે, હવે છતાં એ શુદ્ધોપયોગના ધ્યાનનો પ્રયોગ કરે છે ત્યારે નિજસ્વરૂપમાં અનેક પ્રકારની અહંબુદ્ધિ

ધારે છે.

માણસને આવિર્ભાવ થવામાં આ એક મુખ્ય મુદ્દો છે. અનુભવને તપાસવા જેવો આ મુદ્દો છે. અનુભવ પદ્ધતિથી સમજવા જેવો મુદ્દો છે કે જ્યાં જ્યાં મમત્વ છે ત્યાં ત્યાં ભાવનો આવિર્ભાવ થવો સહજ છે અને પારકામાં પારકી જગ્યાએ, પારકા સ્થાનમાં, પારકી વસ્તુમાં ભાવ આવિર્ભૂત થતો નથી. એમ કહે છે ને માણસ કે ધાવમાતા બાળકનું ગમે તેટલું લાલનપાલન કરે તોપણ એની સગી માતા જેટલો તે બાળક પ્રત્યે પ્રેમ આવતો નથી. કારણ શું? પોતાપણું નથી. સગી મા થોટથાપલી કરે. છોકરાને પ્રકૃતિવશ કે ગમે તેમ બાળક છે, બાળકબુદ્ધિએ વર્તતું બાળક છે (એટલે) થોટથાપલી કરી લે, થપાટ મારી લે તોપણ એનો પ્રેમ ચાલ્યો ગયો છે એ વાતનો આંક ત્યાં બંધાતો નથી. ગુસ્સે થઈને મારે છે, પ્રત્યક્ષ મારે છેને? ત્યાં કોઈ તર્ક નથી કરતું. અહીંયાં સમ્યગ્દૃષ્ટિમાં તર્ક કરે છે કે એને કેમ વિકલ્પ આવ્યો? એને કેમ રાગ આવ્યો? એને આવો વિચાર કેમ આવ્યો? આવો વિકલ્પ કેમ થયો? પણ ભાઈ! એ બધી ધાવમાતાની વાત છે. વિકલ્પ પ્રત્યે એને પ્રેમ છે નહિ.

જે એને નિજાત્મામાં પ્રેમ છે, રુચિ છે, પોતાપણું છે એવું પોતાપણું એને ક્યાંય નથી. આમ વાત છે. લાલન-પાલન કરે એટલે વધારે પ્રેમ છે અને મારે એટલે ઓછો પ્રેમ છે એવો ત્યાં આંક ખોટો પડે છે. એમ અહીંયાં પણ એ અહંબુદ્ધિ ધારે છે, અહંબુદ્ધિથી વિશેષ-વિશેષ ભાવ કરે છે અહંબુદ્ધિનો, સવિશેષભાવ કરે છે. ત્યાં આટલી વાત લીધી છે. **'હું ચિદાનંદ છું, શુદ્ધ છું, સિદ્ધ છું,...'** છું... છું... છું... છું... છું... છું... છું... એવા બોલ લીધા છે. **'હું ચિદાનંદ છું, શુદ્ધ છું, સિદ્ધ છું,...'** અસ્તિના જ બોલ બધા લીધા છે. **'ઇત્યાદિ વિચાર થતાં સહજ જ આનંદતરંગ ઊઠે છે,... '** ... એકાગ્રતા વિશેષ થાય છે. એ વાત લીધી છે.

આપણે અહીંયાં ચાલુ બોલમાં જે વિષય છે (એમાં) અસ્તિનો બોલ છે એમ કહેવું છે. હવે અહીંયાં એમ કહે છે કે **'આહાહા! આવી ચીજ સમજવા બધા આગ્રહ છોડવા જોઈએ.'** આ મુદ્દાની વાત કરી છે કે આવા નિર્વિકલ્પ ઉદાસીન શુદ્ધાત્મતત્ત્વને સમજણમાં લેવા માટે આત્મા સંબંધિત બીજું કાંઈ પણ વિચારી રાખ્યું હોય તે બધા પૂર્વગ્રહો, આગ્રહ છે એ બધા પૂર્વગ્રહ છે એ બધા છોડીને એને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. 'ગુરુદેવશ્રી' કહેતા કે એકવાર કોરી પાટી થઈને (સમજવું). સહેલું નથી કોરી પાટી થવું. કેમકે જે પૂર્વે એણે સ્વીકારી રાખ્યું છે એ સ્વીકાર છે એનું પણ ઊંધું બળ હોય છે, એનું જોર હોય છે. પણ જે કાંઈ અત્યાર સુધી સંગ્રહ કર્યો છે એના ફળમાં મારે જે મારી દશા જોઈએ, નિરાવરણ દશા જોઈએ, અપૂર્વ દશા જોઈએ એ દશા પ્રગટ થઈ નથી, મોક્ષમાર્ગનો પત્તો લાગ્યો નથી. તેથી વિચારીને એને એણે ગૌણ કરી નાખવા જોઈએ. નીકળે તો ત્યારે કે જ્યારે સાચી વસ્તુનો પ્રવેશ થાય ત્યારે. એ પહેલા એને અત્યંત ગૌણ કરી નાખવા જોઈએ. જે કાંઈ સમજણ છે એ સમજણ જો બરાબર હોત તો એનું ફળ પણ મને બરાબર ઉપસ્થિત-હાજર થયું હોત, લાભ થયો હોત એનો. એટલે એમ કહે છે કે **'આવી ચીજ સમજવા બધા આગ્રહ...'** પૂર્વનું સાંભળેલું, વિચારેલું, નક્કી કરેલું, નિશ્ચિત કરેલું, શ્રદ્ધેલું એ **'બધા આગ્રહ છોડવા જોઈએ.'** **'આવી ચીજ સમજવા બધા આગ્રહ છોડવા જોઈએ.'**

મુમુક્ષુ :- ઘણું લઈ લીધું આમાં, બધા આગ્રહ છોડવા એમાં બધું લીધું.

પૂજ્ય ભાઈશ્રી :- બધા આગ્રહ છોડવા. એ મુખ્ય વિધિ છે. આખા પેરેગ્રાફમાં એ વાત ઉપર ખાસ ધ્યાન દોર્યું છે કે કાંઈ ને કાંઈ જીવને પૂર્વગ્રહ હોય જ છે. જે સ્થિતિમાં છે એ સ્થિતિનું કારણ પણ એણે સેવ્યું છે માટે એ સ્થિતિમાં છે. હળવાશ આવે ત્યારે તો બધી ખબર પડે છે કે આ પહેલા આવું માન્યું હતું એને તોડવા માટે જરાક અંદરમાં બળ પડે છે, પરિશ્રમ પડે છે, દ્વંદ્વ ચાલે છે, યુદ્ધ ચાલે છે. જે કાંઈ પૂર્વની માન્યતા છે એને મટાડવા માટે કઠણ પડે છે એ બધું એને લાગે અને પછી એ છૂટે. એટલા પ્રોસેસમાંથી પસાર થઈને છૂટે છે, એમને એમ છૂટતું નથી.

એમ પરમસત્યના આદરપૂર્વક. આમ છે. જે બધા આગ્રહ છોડવા જોઈએ એમાં પરમસત્યનો એટલો આદર છે એમ વાત છે મૂળ તો. મુખ્ય વાત જ એ છે કે સત્યનો જે આદર છે, સત્યનો સ્વીકાર કરવાની તૈયારીવાળો ભાવ છે કે કોઈપણ ભોગે, કોઈપણ પ્રકારે ગમે તેમ કરીને પણ સત્યનું ગ્રહણ કરવું છે, પરમ આદર છે એનું ગ્રહણ કરવું છે અને એ સિવાય કાંઈ ન જોઈએ, એટલી એની તૈયારી હોય તો હળવાશ આવ્યા વિના રહે નહિ.

એક દૃષ્ટાંતથી તે વાત લીધી છે. **'અમે જાણીએ છીએ એવા અભિમાન છોડવા જોઈએ.'** ખાસ કરીને મુમુક્ષુપર્યાયમાં જે કાંઈ નડતર છે, મોટું રોકાવાનું કારણ છે એ આ છે. સામાન્ય રીતે માણસને પોતાની સમજણ જે કાંઈ ભેગી થઈ છે અત્યાર સુધીની, એ સંબંધીનું અહંપણું સ્થૂળપણે કે સૂક્ષ્મપણે ચાલુ રહે છે. આ તકલીફ છે.

જ્યાં સુધી યથાર્થ નિર્ણય અને અનુભવ નથી થતો ત્યાં સુધી કાંઈ સમજ્યો નથી એમ આવવું જોઈએ. તકલીફ તો ત્યાં પડે છે કે પણ સમજ્યો તો છું. સમજવાનો પ્રયાસ કરેલો. એ પ્રયાસના ફળમાં એણે બુદ્ધિગોચર વિષયને કરેલો. એ તો એણે સમજણ કરી કે ન કરી? હવે એ સમજણ કરી છે છતાં નથી સમજ્યો એમ કેમ લેવું? હકીકતને કેમ અવગણવી? આ સવાલ થાય. જે કાંઈ સમજ્યો છે, બુદ્ધિ લગાવી છે. ઉપયોગ લગાવે છેને? એપ્લાય કરે છે પોતાની બુદ્ધિને. ત્યારે એને સમજણમાં કોઈ વાત કોઈને કોઈ પ્રકારે નિશ્ચિત થાય છે, છતાં હું સમજ્યો નથી એમ કેમ લેવું? એ તો હકીકતને અવગણવા જેવું નહિ થાય? એવી રીતે હકીકતને પોતે અવગણી શકતો નથી. કેમકે એ પણ એક તથ્ય તો ઊભું થયું છે કે નહિ? એને અવગણી શકતો નથી. આ કેમ દુષ્કર છે? આ વિષય દુષ્કર કેમ પડે છે? કે એ જ્ઞાનમાર્ગે કે ક્રિયામાર્ગે, મુખ્ય બે માર્ગ છે, અથવા જ્ઞાન, ક્રિયા, ભક્તિ આદિ ત્રણ પ્રકાર લ્યો, કોઈપણ માર્ગે એ જાય છે ત્યારે કાંઈને કાંઈ એની પ્રક્રિયા તો બહારમાં ચાલુ થાય છે. પોતાના પરિણામ અને બાહ્ય ક્રિયા—મન-વચન-કાયાની બીજા નિમિત્તોની, દેવ-ગુરુ-શાસ્ત્રની, ત્યારે એટલું કાર્ય થયું એને કેમ એ અવગણે? કાર્ય તો થયું એટલું. પહેલા જે કોઈ સાંસારિક કાર્યો હતા એનાથી વિલક્ષણ, બીજા પ્રકારે કોઈને કોઈ પ્રકારે કાર્ય તો થયુંને? એ કાર્ય થયું એ પોતાની ઈચ્છાથી કર્યું છે, પોતાના ભાવથી કર્યું છે એટલે મેં કર્યું છે એ વાતને એ કેમ અવગણે? આ સવાલ ઊભો થાય છે.

એને પણ જેની ઉપર દૃષ્ટિ છે, ઊંચે જેની દૃષ્ટિ છે, જેને ધ્યેય પ્રાપ્તિ અર્થે કાર્ય કરવું છે

એને ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી એને એ કાર્ય કર્યું એમ જમે કરતા નથી. બાકી છે એમ જોવે છે. એની નજર બાકી ઉપર છે. આમાં દષ્ટિફેરે ફેર છે. બાકી ઉપર નજર છે એ આગળ વધે છે અને કર્યું એના ઉપર નજર રહે છે એ અટકી જાય છે. ભલે તેનું તે કર્યા કરે. અટકી કેમ ગયો? કે તેનું તે કરવામાં અટકી ગયો. તેનું તે કરે છે એટલે આગળ વધે છે એમ રહેતું નથી. ત્યાં એ અટકી ગયો. આમ છે એનો હિસાબ.

ખાસ કરીને જ્ઞાનનો ક્ષયોપશમ, બુદ્ધિનો ક્ષયોપશમ એ મોટામાં મોટું ફસાવાનું કારણ છે. એ સંબંધીમાં માન છે એ રહે છે. તો કહે છે કે **'અમે જાણીએ છીએ એવા અભિમાન છોડવા જોઈએ.'** એવું કોઈ અભિમાન માન સંબંધીનું, કાંઈ જ નથી. હું શૂન્ય સમજ્યો છું, સમજવામાં હજી મીંડું છું, કાંઈપણ એની ફળ પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી એને સમજણની બાબતમાં જરાય માન થાય એ પ્રકારમાં આવવું જોઈએ નહિ. એ વિષય છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– સર્વ સાધકોની નજર જ પૂર્ણ દ્રવ્ય ઉપર છે. મુનિ હોય કે સમ્યગ્દષ્ટિ હોય, સર્વ કક્ષાના સાધકની દષ્ટિ 'આત્મા પરિપૂર્ણ દ્રવ્ય છે' એના ઉપર છે. એટલે એની અવસ્થામાં વિકાસને ક્યારેય મુખ્ય કરીને એનું માન થાય એ અવસર સાધકપણામાં રહેતો નથી. બાધકપણામાં એ પ્રકાર ઉત્પન્ન થાય છે, સાધકપણામાં ઉત્પન્ન થતો નથી. આ પરિસ્થિતિ છે. એટલે તો એ આખી લાઈન છે એ જુદી જાતની છે. જગતમાં માન એવું છેતરામણું પદ છે કે નમ્રતાનું પણ માન થઈ જાય. પ્રકૃતિ નરમ હોય. અમને નમ્રતા ફાવે, નમ્રતા રાખીએ. અમે બધે નરમ... નરમ... નરમ... નરમ... એનું માન સેવાઈ જાય. ત્યાગનું માન, નમ્રતાનું માન, જ્ઞાનનું માન. કેમ એ બધું ઊભું થાય છે? કે જે ત્રિકાળી શુદ્ધાત્મ પદ છે, પરિપૂર્ણ પદ છે, ગુણભંડાર છે, અવગુણનું જ્યાં નામનિશાન ગંધમાત્ર નથી, એના ઉપર દષ્ટિ નથી એટલે એ બધું થાય છે. એના ઉપર દષ્ટિ આવે (તો) આખો માર્ગ સમ્યક્ છે. વીતરાગ માર્ગ જેને કહે છે એ સમ્યક્ માર્ગ છે, પછી કોઈપણ સાધકપણાની કક્ષા હોય એને બાધકપણું ખરેખર છે નહિ.

**'અમે જાણીએ છીએ એવા અભિમાન છોડવા જોઈએ. હું ઉદાસીન છું. મારી બેઠક ધ્રુવમાં છે.'** જે બેસવું છે, સ્વઆશ્રય કરવો છે એ ધ્રુવમાં મારી બેઠક છે. એ સિવાય મારા ધ્રુવપદ સિવાય સર્વ સ્થાન મારા માટે અન્ય સ્થાન છે, મારા બેસવાનું એ સ્થાન નથી. તેથી સર્વ અન્ય પ્રત્યે, સમસ્ત અન્ય દ્રવ્યભાવ પ્રત્યે હું કેવળ ઉદાસીન છું. આમ લેવું છે. આવી રીતે ઉદાસીનતા લીધી છે. એક પોતાના સ્વરૂપના આદર આગળ કોઈનો પછી આદર કરવાનો એને પ્રશ્ન રહેતો નથી. સમસ્ત જગત પ્રત્યે ઉદાસ... ઉદાસ... ઉદાસ... કેમ ઉદાસ છે? કે એને ક્યાંય પોતાનું પ્રયોજન ભાસતું નથી. જે કાંઈ એને જ્ઞાનમાં જણાય આવે છે એ જાણતા પણ એ મારા પ્રયોજન વગર છે, વગરનું છે. કેમકે લક્ષ આત્માનું છેને? એટલે એને નિષ્પ્રયોજનભૂત વિષય લાગે છે. એમાં ઉદાસીનતા ઉત્પન્ન થઈ જાય છે. એમાં ઉદાસીનપણું થાય છે. એમાં મારું શું પ્રયોજન છે? મારું કાંઈ પ્રયોજન નથી. એની ઉપેક્ષા થઈ જાય છે. જ્યાં પ્રયોજન નથી ત્યાં ઉપેક્ષા થાય.

દુકાને ભાવ પૂછવા આવેલો ઘરાક, ઘરાકના વેશમાં છે, ભાવ પૂછે છે પણ વેપારીને એમાં

પ્રયોજન ન દેખાય કે આ લેવાનો નથી અને મને કાંઈ નફો મળવાનો નથી. (એટલે એની) ઉપેક્ષા કરે છે. એની અપેક્ષા કરતો નથી પણ ઉપેક્ષા કરે છે. એના પ્રત્યે બેદરકારી એને સહજ ઉત્પન્ન થઈ જાય છે. જ્ઞાન થતાં જ. પ્રયોજનભૂત જ્ઞાનનું આ લક્ષણ છે કે જે વિષય જ્ઞાનમાં અપ્રયોજનભૂત ભાસે તેના પ્રત્યે એને ઉપેક્ષા અને ઉદાસીનતા ઉત્પન્ન થઈ આવે છે.

એટલે એમ કહે છે કે '**હું ઉદાસીન છું.**' ઉદાસીન છું એટલે આખા જગત પ્રત્યે હું ઉદાસીન છું. એમ લેવું છે. આ જગતમાં કોઈ મને સુખનું કારણ નથી. અનંત સુખ ભંડાર એવો જે મારો આત્મા એ એક જ મને સુખનું સ્થાન છે, સુખનો આશ્રય છે, સુખસ્વરૂપ હું છું. બાકી મારા સુખથી બધું ખાલી છે. આમ જોવે છે. એટલે ઉદાસીનતા આવ્યા વિના રહે નહિ.

'**મારી બેઠક ધ્રુવમાં છે. મારું આસન ધ્રુવ છે.**' જુઓ! બેઠક લીધું, આસન લીધું. જ્યાં જમાવટ કરવી છે. આ પદ્માસન કરે છે કે નહિ? જલ્દી છૂટે નહિ. પદ્માસનની એ સ્થિતિ છે એટલા માટે કે જાણે પગ બંધાઈને રહી ગયા. બીજી રીતે બેઠક હોય (તો) ચંચળતા શરીરની રહે છે. પદ્માસને પછી કોઈ ચંચળતા નથી. જેમ લાકડું ગોઠવી દીધું હોય એવી રીતે ગોઠવાય છે. પુરુષાર્થની ઉગ્ર પરિસ્થિતિમાં એ આસન સહજ જ છે. એમ જ પ્રકાર આવે છે.

કહે છે કે '**મારું આસન...**' એ તો શરીરનો વિષય નિમિત્તનો થઈ ગયો. અહીંયાં કહે છે કે '**મારું આસન ધ્રુવ છે.**' હલચલ વગરની જે ચીજ, સ્થિર ચીજ, નિશ્ચચંચળ સ્વભાવ, અચલિત સ્વભાવ એ સ્વભાવમાં મારું આસન છે. એટલે એ સ્વરૂપે હું છું.

... પણ હું ઉદાસ છું. આમ લીધું છે. જગતના પાંચ ઈન્દ્રિયોના વૈવિધ્ય ભરેલા વિષયો છે. વિધવિધતા ઘણી છે અનેક વિષયોની. એનાથી તો હું ઉદાસ છું. એમાં તો મારા સુખથી તે બધા શૂન્ય ભાસે છે, ખાલી ભાસે છે પણ મારી વર્તમાન અવસ્થાની પણ હું અપેક્ષા કરતો નથી. પરિપૂર્ણ હોવાથી, સ્વરૂપે હું પરિપૂર્ણ હોવાથી સુખાદિ ગુણોથી પણ સ્વભાવથી પરિપૂર્ણ હોવાથી એક સમયની પર્યાયની પણ હું અપેક્ષા કરતો નથી.

આ પર્યાય આમ થાય તો ઠીક, ત્રિકાળી એવા મને એની અપેક્ષા નથી. આમ ભાવ છે. ત્રિકાળીમાં એવો ઉત્પાદવાળો ભાવ નથી, વ્યક્ત ભાવ નથી. પણ એવા ભાવો જ પોતાનું સ્વરૂપ છે એમ લેવું. એવો ભાવ વ્યક્ત નહિ હોવા છતાં સ્વભાવ તો એવો જ છે કે જે ત્રિકાળ એક સમયની પર્યાય અને સમસ્ત પર એવું જગત એ બધાથી ઉદાસ છે. કોઈની અપેક્ષા રાખતો નથી. કોઈ પરપદાર્થ અને કોઈ પર્યાય વિના એણે પોતાનું સ્વરૂપ જેવું છે એવું ત્રિકાળ ટકાવી રાખ્યું છે એટલું સામર્થ્ય લઈને એ પદાર્થ (રહેલો) છે. એવી એની મહાસત્તા છે પોતાની. પોતે આવો છે એમ જાણનાર પર્યાય પ્રત્યે ઉદાસ છે એને પર્યાયમાં માન કે અભિમાન થવાનો, મુખ્ય થવાનો પ્રશ્ન રહેતો નથી. ઉદાસીનતાને કારણે જે પર્યાય ગૌણ રહે છે એનું માન થવાનો પ્રશ્ન ક્યાં રહ્યો? જે પર્યાયની મુખ્યતા જ થતી નથી, અરે..! એનું લક્ષ થતું નથી. જણાય છે તોપણ એનું લક્ષ નથી, વેદાય છે તોપણ એનું લક્ષ નથી, એનો વિકાસ ખ્યાલમાં આવે છે તોપણ એનું લક્ષ નથી, પછી જેનું લક્ષ નથી એની મુખ્યતા થવાનો પ્રશ્ન રહેતો નથી. એમ એ પરથી તો હું ઉદાસ છું પણ પર્યાયથી પણ હું ઉદાસ છું. આમ પોતાના

ધ્રુવ સ્વભાવમાં આસન જમાવીને, ધ્યાનનું આસન છે આ—એકાગ્રતાનું આસન છે, સમ્યક્ પ્રકારે પર્યાયાદિ સમસ્ત પરથી ઉપેક્ષા થઈ તે જ યોગ્ય છે, તે જ ઉચીત છે, તે જ સમ્યક્ છે. એ સિવાય બીજો કોઈ પ્રકાર છે એ બધો અસમ્યક્ છે, સમ્યક્ નથી પણ અસમ્યક્ છે.

મુમુક્ષુ :- ધ્યાનમાં પદ્માસન અને ખડગાસન..

પૂજ્ય ભાઈશ્રી :- બે ધ્યાનની અવસ્થા છે. બીજા કોઈ ધ્યાનના પ્રકારમાં પરિણામની ચંચળતા સાથે સુસંગતા નથી. મુનિઓને તો હાલતા, ચાલતા, ખાતા, પીતા શુદ્ધોપયોગ થઈ જાય છે. એ તો દશા કેળવાયેલી છે. પણ બાહ્ય નિમિત્તની સાપેક્ષતાથી વિચાર કરીએ, સંબંધ જોડીને વિચાર કરીએ તો જેમ ધમાલ અને ધાંધલવાળું બહારનું સ્થાન જેમ એકાગ્રતા માટે અનુકૂળ ગણવામાં આવતું નથી. શાંત, એકાંત અને નિર્જન સ્થળ એના માટે સુસંગત છે. વિવેક કરવામાં આવે તો એની સુસંગતતા ક્યાં છે? એકાંત શાંત, નિર્જન સ્થળ હોય ત્યાં સ્વરૂપધ્યાનીને ધ્યાન કરવાનું ઉચિત ગણાય છે. એ બહારનો વિવેક છે.

એમ મન-વચન-કાયામાં પણ કાયાની સ્થિતિ ખડગાસને અને પદ્માસને (હોય), કોઈ અર્ધપદ્માસનની પ્રતિમાઓ પહેલા જોઈ છે. સામાન્ય રીતે પદ્માસન છે એ વધારે સુસંગત છે અને એક ખડગાસન છે. જેમ તલવાર ઊભી હોય સીધા બે હાથ. કાઉસગ્ગની આપણે (મુદ્રા હોય) એ ખડગાસન છે. નિર્વાણના કાળમાં કોઈપણ મુનિને કેવળી થાય ત્યારે આ બેમાંથી એક ધ્યાનની સ્થિતિ હોય છે. કેવળજ્ઞાન તો ધ્યાનમાં પ્રગટે છે ને. શુક્લધ્યાનમાં પ્રગટે છે. એ શુક્લધ્યાનની—ઉજ્જ્વળ ધ્યાનની જમાવટમાં આ બે સ્થિતિ શરીરની હોય છે. એ જે સ્થિતિ છે એ કાયમ પછી રહી જાય છે. કેવળજ્ઞાનમાં જે સ્થિતિ થઈ ગઈ, પદ્માસન હોય તો પદ્માસન અને ખડગાસન હોય તો ખડગાસન. સાદિઅનંત અનંત કાળ એ સ્થિતિએ આત્મપ્રદેશના અવયવો, પ્રદેશો ગોઠવાયેલા રહી જાય છે.


જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી એને વિભાવવ્યંજનપર્યાય કીધી છે. શરીરનો ત્યાગ થઈને અશરીરી સિદ્ધદશા પ્રગટે ત્યારે એ જ આકારને સ્વભાવવ્યંજનપર્યાય કહેવામાં આવે છે. ક્ષેત્રફળમાં સામાન્ય ફેર પડે છે. શરીરને જેટલું ક્ષેત્રફળ જોઈતું હોય તેનાથી વિભાવવ્યંજનપર્યાય છોડીને તેના તે આકારમાં સ્વભાવવ્યંજનપર્યાય પ્રગટ થાય ત્યારે સહેજ ઊણું કિંચિત્ ન્યૂન એટલું એનું ક્ષેત્ર થાય છે. એવું શાસ્ત્ર પ્રમાણ છે.

એ નિર્વિકલ્પ ધ્યાનના પ્રકારનો આ બોલ છે. બધા વિધવિધ વિષય આમાં ઉતાર્યા છે ... નિર્વિકલ્પ ધ્યાનમાં શું પ્રકાર છે એની પ્રોસેસ શું છે?

મુમુક્ષુ :- નાસ્તિ કરતા અસ્તિ વધારે છે.

પૂજ્ય ભાઈશ્રી :- અસ્તિથી જ લેવામાં આવે છે. કારણ કે પોતાને પણ મોજૂદગી ઉપર, હયાતી ઉપર લીન થવાનું છેને? નથી એનો શું આશ્રય કરવો? હોય એનો આશ્રય કરવાનો છે. જે ત્રિકાળ હયાત છે, ત્રિકાળ મોજૂદ છે, વર્તમાનમાં પણ મોજૂદ છે એના ઉપર સર્વ પરિણામોની લીનતા અને એકાગ્રતા થાય, સર્વ પરિણામો એકાગ્ર થઈને ત્યાં લાગે એવું જે સ્વસ્થાન છે તે અચિંત્ય રત્નચિંતામણિ રત્નાકર એવો શુદ્ધાત્મા છે. જે ચિંતવનની પેલે પારનો વિષય છે. ચિંતવનમાં પૂરો આવતો નથી. એ ૨૬૯ બોલ થયો.

## ધન્ય અવતાર
### પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન સંબંધી પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ઉદ્‌ગારો



બેન તો એક અદ્‌ભુત રતન પાક્યાં છે. શક્તિ અદ્‌ભુત છે. અતીન્દ્રિય આનંદના વેદનમાં એને કાંઈ પડી નથી. હિન્દુસ્તાનમાં એમના જેવો કોઈ આત્મા નથી. આ પુસ્તક બહાર પડ્યું એટલે કાંઈક ખબર પડે.

ચંપાબેન એટલે કોણ?! એમનો અનુભવ, એમનું જ્ઞાન, સમતા અલૌકિક છે. ... સ્રીનો દેહ આવી ગયો છે. પણ અંતરમાં અતીન્દ્રિય આનંદની લહેરમાં પડ્યાં છે; એમાંથી વાણી નીકળી છે.–આ, એમની વાણીનું પ્રમાણપણું છે.

બેન અલૌકિક ચીજ છે; દેહથી ભિન્ન અને રાગથી ભિન્ન આત્માને અનુભવે છે. એને (બહારમાં) ક્યાંય મજા પડતી નથી. એ તો અતીન્દ્રિય આનંદમાં લહેર કરે છે.

વિ.સં. ૨૦૩૦

(શ્રાવણ વદ ૧૪ના દિને પંડિત શ્રી હિંમતભાઈના ઘરે આહાર કરવા પધાર્યા ત્યારે-)

પૂજ્ય ગુરુદેવ :- હિંમતભાઈ! જુઓને, લોકોને કેટલા ભાવ છે બેન ઉપર! બીજના ટાણે કેટલું બધું માણસ આવ્યું'તું!

પૂજ્ય બહેનશ્રી (અતિ નરમાશથી) :- સાહેબ! મારે તો આત્માનું કરવું છે. એ તો બધી ઉપાધિ લાગે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- બેનબા! તમારે શું છે? તમારે તો બધું જોયા કરવું. મારા હિસાબે તો હજી ઓછું થાય છે. તમારા માટે તો લોકો જેટલું કરે તેટલું થોડું છે.

વિ.સં.૨૦૧૧

એક સ્રીનો દેહ આવી ગયો, નહિતર (બેન) દૂર એક ક્ષણ ન રહે. ... કેટલીક શબ્દની શૈલી તો એમના ઘરની, નિવૃત્તિની છે. સાદી ભાષા બહુ, ચાર ચોપડી ભણેલાને બેસી જાય એવી છે.

તા.૨૯-૧૧-૭૭

બેનનાં વચનામૃત એ કેવળજ્ઞાનનો કક્કો છે. બે-ચાર વાર નહિ પણ દસ વાર વાંચશે ત્યારે સમજાશે.

ઓહો! સાદી ભાષા, મંત્રો છે મંત્રો. આ તો લાખો શાસ્રોનો નિચોડ છે. લાખો શું? કરોડ, અનંત શાસ્રોનો આશય સ્વ-આલંબન કરાવવું તે છે. લોકો વાંચશે તો આહાહા! ... બાહુબલીમાં ભટ્ટારકે જોયું

તો કહે કે 'મને આપો; ઓહો! આવું પુસ્તક!'

❉

બેનની (ચંપાબેનની) તો શી વાત કરું! એમની નિર્મળ દૃષ્ટિ અને નિર્વિકલ્પ સ્વાત્માનુંભૂતિ આ કાળે અજોડ છે. એ તો અંદરથી જ ઉદાસ-ઉદાસ છે. તેમને વિષે વિશેષ શું કહું? અમારે મન તો તે ભારતનું ધર્મરતન, જગદમ્બા, ચૈતન્યરત્ન, ધર્મમૂર્તિ છે, હિન્દુસ્તાનનો ચળકતો તારો છે.

❉

જામનગર, એપ્રિલ-૭૯

બેનને અસંખ્ય અબજો વર્ષનું જ્ઞાન છે - ૯ ભવનું જ્ઞાન છે (- ભૂતના, ૪ ભવિષ્યના). બેન તો ભગવાન પાસેથી આવ્યાં છે. અનુભવમાંથી આ વાત આવી છે. ઉદયભાવથી તો મરી ગયાં છે, આનંદથી જીવે છે. પરમાત્મા પાસેથી આવ્યાં છે. સાક્ષાત્ પરમાત્મા ત્રણ લોકના નાથ બિરાજે છે સીમંધરભગવાન, ત્યાં અમે સાથે હતા. શું કહીએ પ્રભુ! સીમંધર પરમાત્મા પાસે ઘણીવાર જતા હતા. તે ભગવાનની આ વાણી છે. બેન તો આનંદસાગરમાં...

❉

આ કથા-વાર્તા નથી, ભાગવત કથા છે. પરમાત્માની વાણીના ઈશારા છે. તેનો અનુભવ કરે તેને ખબર પડે. ... બેન તો ભગવતી માતા છે.

❉

બેન (ચંપાબેન) તો બહુ જ ગંભીર-ગંભીર! એવો આત્મા અત્યારે હિન્દુસ્તાનમાં નથી. પવિત્રતા-પરિણતિ, અને શુદ્ધ પરિણતિ સહિતનું જાતિસ્મરણજ્ઞાન છે. વૈરાગ્ય-વૈરાગ્ય! શાસ્ત્રમાં આવે છે : તીર્થંકર દીક્ષા લે ત્યારે પહેલાં જાતિસ્મરણ થાય એવો નિયમ છે. ...જાતિસ્મરણ થાય ત્યારે ઉપયોગ મૂકવો પડે નહિ અને ફટ જ્ઞાન થાય, એકદમ વૈરાગ્ય થઈ જાય. એવું બેનને થઈ જાય છે. બેનને જાતિસ્મરણ થતાં વૈરાગ્ય ઘણો વધી ગયો છે; એમને બિલકુલ પરની કાંઈ પડી નથી.


## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો You tube ઉપર

પરમ ઉપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રકાશિત પુસ્તકોના પ્રવચનો You tube ઉપર હવે ગુજરાતી તથા હિન્દી Subtitle સાથે જુઓ. You tube માં Satshrut prabhavna channel પર જઈ આ પ્રવચનો સાંભળી શકો છે. રાજ-હૃદય, કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી ગ્રંથ ઉપર પ્રકાશિત થયેલા પ્રવચનો આવી રહ્યાં છે. દર રવિવારે સવારે ૧૧ વાગે આ પ્રવચનો Live પ્રસારણ કરવામાં આવે છે જેનો લાભ લેવા સર્વ મુમુક્ષુઓને વિનંતી. Channel ને Subscribe કરવાથી આગામી પ્રસારિત પ્રવચનોનું તમને અગાઉથી Notification મળી જશે.



**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (ઑગસ્ટ-૨૦૨૨)નું શુલ્ક શ્રીમતી કૃપાલીબેન પિયૂષભાઈ ભાયાણી, કોલકાતા તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

## સ્વાનુભૂતિદર્શનમાંથી પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન દ્વારા થયેલી પ્રયોજનભૂત પ્રશ્નો ઉપર તત્ત્વચર્ચા

**પ્રશ્ન :-** આત્માકો સમજનેકી સચ્ચી પ્યાસ લગે ઉસ જીવકી સ્થિતિ કૈસી હોની ચાહિયે?

**સમાધાન :-** સચ્ચી પ્યાસ લગી હો તો ભીતરમેં પ્રયાસ કિયે બિના રહતા હી નહીં, પ્રયાસ કરતા હી હૈ. પ્યાસ લગી હો તો જહાં સુનનેકો મિલે વહાં જાય, ઔર ભગવાન ઔર ગુરુ ક્યા કહતે હૈં ઐસા વિચાર કરે, ભીતરસે ભેદજ્ઞાન કરનેકા પ્રયાસ કરે. જો સચ્ચી પ્યાસ લગી હો તો, મૈં જ્ઞાયક હૂં... મૈં જ્ઞાયક હૂં, વિભાવ મેરા સ્વભાવ નહીં હૈ, ઐસા જ્ઞાયકકો પ્રગટ કરે બિના રહતા હી નહીં. જૈસે બાહરમેં અપને કાર્યમેં કોઈ મુશ્કિલ લગે તો સબ દૂર કરકે–ગૌણ કરકે–ભી અપના કાર્ય કરતા હૈ વૈસે યહાં સચ્ચી પ્યાસ લગી નહીં હૈ, પ્યાસ લગે તો પ્રયાસ હોતા હી હૈ. કોઈ કહતા હૈ કૈસા કરના? ક્યા કરના? બહુત કરતે તો ભી હોતા નહીં હૈ. લેકિન યે બહુત કરતા હી નહીં હૈ. પ્યાસ લગી હો તો પ્રયત્ન હોતા હી હૈ, હુયે બિના રહતા હી નહીં. **(સ્વાનુભૂતિ દર્શન - ૫૬૪)**

**પ્રશ્ન :-** પ્યાસ લગી હૈ યે કૈસે પતા ચલે?

**સમાધાન :-** જિસે પ્યાસ લગી હૈ વહ પ્રયત્ન કરતા હૈ. પ્રયત્ન નહીં કરતા તો સમજના કી પ્યાસ નહીં લગી હૈ. સચ્ચી પ્યાસ લગી હો તો પ્રયત્ન જરૂર કરતા હૈ. **(સ્વાનુભૂતિ દર્શન - ૫૬૫)**

## સ્વાધ્યાયપ્રેમીઓ માટે નિઃશુલ્ક ભેટ યોજના

ઉક્ત ભેટ યોજના અંતર્ગત પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની આગામી ૧૦૯મી જન્મજયંતીની ખુશાલીમાં તેમના વચનામૃતો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા, મુમુક્ષુઓને માટે અતિ અતિ ઉપકારી ભાવવાહી પ્રયોજનભૂત પ્રવચનોની શ્રેણી **'અધ્યાત્મ સુધા'** ભાગ-૧ થી ૧૩નો આખો સેટ અથવા તે પૈકી જે ભાગની આવશ્યકતા હોય તે કોઈપણ સ્વાધ્યાયપ્રેમીઓને તેમના સરનામે નિઃશુલ્ક ભેટ મોકલાવવાની અમારી યોજના છે. આ પુસ્તકો વહેલા તે પહેલાના ધોરણે મોકલવામાં આવશે. રસ ધરાવતા સાધર્મીઓએ નીચે આપેલ વોટ્સ અપ નંબર ઉપર પોતાનું પૂરું સરનામું પિનકોડ સહિત સત્વરે મોકલી આપવા વિનંતી. ઉક્ત પ્રકાશન અતિ સુંદર અને સરળ ભાષામાં હોવાથી વાચકોના લાભાર્થે અથવા કોઈપણ ગ્રંથાલયો કે ધાર્મિક સંસ્થાઓને આખો સેટ પણ ભેટ મોકલવામાં આવશે.

સંપર્ક : શ્રી નિરવભાઈ વોરા, મો. ૯૮૨૫૦૫૨૯૧૩



## ‘દ્રવ્યદષ્ટિ પ્રકાશ’માંથી ગુરુ મહિમા સંબંધિત પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના વચનામૃત

બધી વાતનો ‘ગુરુદેવશ્રી’એ મસાલો તૈયાર કરી રાખ્યો છે, તેથી કોઈ વાત વિચારવી પડતી નથી, નહિ તો, સાધક હોય તોપણ મસાલો તૈયાર કરવો પડે છે. (૬૭)

***

‘ગુરુદેવશ્રી’ના ઉપદેશમાં એટલો ખુલાસો છે કે આમૂળથી ધર્મ પંચમકાળ સુધી ટકશે, તેમ દેખાય છે. (૧૩૨)

***

‘ગુરુદેવશ્રી’ની સિંહગર્જના એવી છે કે બીજાને નિર્ભય બનાવી દે છે, અને જંગલના સિંહની ગર્જના તો બીજાને ભયવાન બનાવે છે. તેથી આ સિંહમાં ઘણો ફરક છે. (૧૩૯)

***

અહીં તો મહારાજ સાહેબે ભૂમિકા તૈયાર કરી દીધી છે. બસ, હવે તો થોડું સુખનું બીજ વાવી દેવું, જેથી મહાઆનંદ થાય. ૧૭૦.

***

એટલો એટલો ખુલાસો અહીંથી (પૂજ્ય ‘ગુરુદેવશ્રી’થી) બહાર આવી ચૂક્યો છે કે પંચમ આરાના અંત સુધી ચાલશે. (૨૫૩)


***

આ જે મહારાજ સાહેબનો યોગ મળ્યો છે – તે પરમ યોગ છે, કેમકે પરમ સ્વભાવની પ્રાપ્તિનું કારણ છે. મહારાજ સાહેબ જગદ્‌ગુરુ છે. તેઓ એકલા સિદ્ધલોકમાં જતા નથી. ઘણા જીવોને સાથે લઈને જશે. અહીંના અધિકાંશ લોકો સાથે જવાવાળા છે. ૨૭૧.

***

અધ્યયન આદિનું ઘણું રહસ્ય પૂજ્ય ‘ગુરુદેવશ્રી’ પાસેથી આપણને તો મળી ગયું છે. ‘ક્રમબદ્ધ’ ક્યાં લખ્યું છે, આપણને શું દરકાર છે? સિદ્ધાંત બેસી ગયો અને અનુભવમાં આવી ગયો, પછી શું કામ? એ રીતે ‘મહારાજ સાહેબ’ની બધી વાતો આપણને તો તૈયાર મળી ગઈ છે. જેવી રીતે પિતાની કમાયેલી મૂડી વારસામાં વગર પ્રયત્ને મળી જાય. (૩૧૪)

***




**પત્રાંક-૩૧૮**

**મુંબઈ, પોષ વદ ૧૩, ગુરુ, ૧૯૪૮**

બીજાં કામમાં પ્રવર્તતાં પણ અન્યત્વભાવનાએ વર્તવાનો અભ્યાસ રાખવો યોગ્ય છે.

વૈરાગ્યભાવનાએ ભૂષિત એવા 'શાંતસુધારસાદિ' ગ્રંથો નિરંતર ચિંતન કરવાયોગ્ય છે.

પ્રમાદમાં વૈરાગ્યની તીવ્રતા, મુમુક્ષુતા મંદ કરવા યોગ્ય નથી; એવો નિશ્ચય રાખવો યોગ્ય છે.

શ્રી બોધસ્વરૂપ

***

**પત્રાંક-૩૧૯**

**મુંબઈ, માહ સુદ ૫, બુધ, ૧૯૪૮**

અનંતકાળ થયાં સ્વરૂપનું વિસ્મરણ હોવાથી અન્યભાવ જીવને સાધારણ થઈ ગયો છે. દીર્ઘકાળ સુધી સત્સંગમાં રહી બોધભૂમિકાનું સેવન થવાથી તે વિસ્મરણ અને અન્યભાવની સાધારણતા ટળે છે; અર્થાત્ અન્યભાવથી ઉદાસીનપણું પ્રાપ્ત હોય છે. આ કાળ વિષમ હોવાથી સ્વરૂપમાં તન્મયતા રહેવાની દુર્ઘટતા છે; તથાપિ સત્સંગનું દીર્ઘકાળ સુધી સેવન તે તન્મયતા આપે એમાં સંદેહ નથી થતો.

જિંદગી અલ્પ છે, અને જંજાળ અનંત છે; સંખ્યાત ધન છે, અને તૃષ્ણા અનંત છે; ત્યાં સ્વરૂપસ્મૃતિ સંભવે નહીં; પણ જ્યાં જંજાળ અલ્પ છે, અને જિંદગી અપ્રમત્ત છે, તેમજ તૃષ્ણા અલ્પ છે, અથવા નથી, અને સર્વ સિદ્ધિ છે ત્યાં સ્વરૂપસ્મૃતિ પૂર્ણ થવી સંભવે છે. અમૂલ્ય એવું જ્ઞાનજીવન પ્રપંચે આવરેલું વહ્યું જાય છે. ઉદય બળવાન છે!

***

**પત્રાંક-૩૨૧**

**મુંબઈ, માહ વદ ૨, રવિ, ૧૯૪૮**

અત્યંત ઉદાસ પરિણામે રહેલું એવું જે ચૈતન્ય, તેને જ્ઞાની પ્રવૃત્તિમાં છતાં તેવું જ રાખે છે; તો પણ કહીએ છીએ; માયા દુસ્તર છે; દુરંત છે; ક્ષણવાર પણ, સમય એક પણ, એને આત્માને વિષે સ્થાપન કરવા યોગ્ય નથી. એવી તીવ્ર દશા આવ્યે અત્યંત ઉદાસ પરિણામ ઉત્પન્ન થાય છે; અને તેવા ઉદાસ પરિણામની જે પ્રવર્તના - (ગૃહસ્થપણા સહિતની) - તે અબંધપરિણામી કહેવા યોગ્ય છે. જે બોધસ્વરૂપે સ્થિત છે તે એમ કઠિનતાથી વર્તી શકે છે, કારણ કે તેની વિકટતા પરમ છે.

વિદેહીપણે જનકરાજાની પ્રવૃત્તિ તે અત્યંત ઉદાસ પરિણામને લીધે રહેતી; ઘણું કરીને તેમને તે સહજ સ્વરૂપમાં હતી; તથાપિ કોઈ માયાના દુરંત પ્રસંગમાં સમુદ્રને વિષે જેમ નાવ યત્કિંચિત્ ડોલાયમાન થાય તેમ તે પરિણામનું ડોલાયમાન થવાપણું સંભવિત હોવાથી પ્રત્યેક માયાના પ્રસંગમાં કેવળ જેની ઉદાસ અવસ્થા છે એવા નિજગુરુ અષ્ટાવક્રની શરણતા સ્વીકારી હોવાથી માયાને સુખે તરી શકાય એમ થતું હતું, કારણ કે મહાત્માના આલંબનની એવી જ બળવત્તરતા છે.

***